# ગુજરાતમાં કોંગ્રેસનું આજે ‘શક્તિપ્રદર્શન’

**૫૮ વર્ષ બાદ આજે ગુજરાતમાં કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક મળશે : રાહુલ, સોનિયા, પ્રિયંકા, મનમોહનસિંહ સહિતના દિગ્ગજ નેતાઓ આજે જનસંકલ્પ રેલીને સંબોધી લોકસભાની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકશે : ત્રિમંદિર ખાતે યોજાશે જાહેરસભા : તમામ નેતાઓ શહિદ સ્મારક જઇને શહિદોને ભાવાંજલિ આપશે : સાબરમતી આશ્રમમાં ખાસ પ્રાર્થના સભા કરાશે**

અમદાવાદ, તા.૧૧

લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ રાજકીય ગરમી વધી રહી છે. કોંગ્રેસ પાર્ટીની આવતીકાલે કારોબારીની મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે તેને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. કોંગ્રેસના તમામ દિગ્ગજ નેતાઓ આ બેઠકમાં ભાગ લેનાર છે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા વાઢેરાના રોડ શો પણ યોજાનાર છે. અનેક ભરચક કાર્યક્રમો હોવાથી કોંગ્રેસના કાર્યકરો સંપૂર્ણપણે સજ્જ થઈ ગયા છે અને કારોબારીને સફળ બનાવવામાં લાગી ગયા છે. સને ૧૯૬૧ બાદ ગુજરાતમાં સૌપ્રથમવાર આવતીકાલે તા.૧૨મી માર્ચે કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠક યોજાનાર છે ત્યારે કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યકારિણી, સોનિયા, રાહુલ અને પ્રિયંકા ગાંધીની જાહેરસભા, રોડ શો સહિતના ભરચક કાર્યક્રમોને કોંગ્રેસના હજારો કાર્યકરો અને આગેવાન-નેતાઓમાં ભારે ઉત્સાહ અને જોશ છવાયો છે. આવતીકાલે






રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, સોનિયા ગાંધી તેમજ પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહ, એહમદ પટેલ, પી.ચિદમ્બરમ્, રણદીપ સૂરજેવાલા સહિતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અમદાવાદમાં ધામા નાંખશે. તો કોંગ્રેસના ઉપરોકત કાર્યક્રમોને લઈ સ્થાનિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા પણ જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ખડકી દેવામાં આવી છે. તો બીજીબાજુ, ચૂંટણી તંત્ર દ્વારા પણ આવતીકાલના કાર્યક્રમો દરમ્યાન ચૂંટણી આચાર સંહિતાનો ભંગ ના થાય તેની તકેદારી રાખવા બાજ નજર ગોઠવાઈ છે. ગુજરાત કોંગ્રેસ ખાસ કરીને ગુજરાત કોંગ્રેસના નેતાઓ દ્વારા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના સ્વાગતને લઈ તેમ જ તેમની જાહેરસભા અને રોડ શોને લઈ પણ જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. આવતીકાલે સવારે ૯-૩૦ વાગ્યે સોનિયા, રાહુલ અને પ્રિયંકા ગાંધી અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરે તેવી શકયતા છે. ત્યારબાદ તેઓ સીધા સાબરમતી ગાંધી આશ્રમ ખાતે પહોંચી પ્રાર્થનાસભામાં હાજરી આપશે અને પુલવામામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પશે. ત્યારબાદ સવારે ૧૦-૩૦ વાગ્યે શાહીબાગના સરદાર પટેલ સ્મારક ભવન ખાતે કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠકમાં પહોંચશે. જેમાં લોકસભાની ચૂંટણીને લઈ મહત્વની રણનીતિ, નિર્ણયો અને રૂપરેખા સહિતની વ્યૂહાત્મક કૂટનીતિ ચર્ચા વિચારણા કર્યા બાદ બપોરે ૧-૩૦ વાગ્યે અડાલજ ત્રિમંદિર પાસે જાહેરસભા અને રોડ-શોના કાર્યક્રમો યોજાશે. જયાં પાટીદાર નેતા હાર્દિક પટેલ પણ કોંગ્રેસમાં વિધિવત્ રીતે જોડાઈ જશે. કોંગ્રેસના આવતીકાલના ભરચક કાર્યક્રમો અને તેમાં રાષ્ટ્રીય અને દિગ્ગજ નેતાઓ તેમ જ મહાનુભાવો હાજરી આપવા આવી રહ્યા હોવાથી ગુજરાત પોલીસ દ્વારા સુરક્ષા અને સલામતીને લઈ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં છ એસપી, ૧૬ ડીવાયએસપી, ૧૬૦૦થી વધુ સુરક્ષા જવાનો સલામતી વ્યવસ્થામાં તૈનાત કરી દેવાયા છે. તો બીજીબાજુ, ચૂંટણી તંત્ર દ્વારા પણ કોંગ્રેસના આવતીકાલના કાર્યક્રમો દરમ્યાન ચૂંટણી આચારસંહિતાનો કોઈ રીતે ભંગ ના થાય તેની પર ચાંપતી નજર અત્યારથી જ ગોઠવી દેવાઈ છે.

લોકસભાની ચૂંટણી પહેલા મળી રહેલી કોંગ્રેસની બહુ મહત્વની એવી આ રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક સહિતના કાર્યક્રમો માટે કોંગ્રેસના ટોચના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ પી. ચિદમ્બરમ, મલ્લિકાર્જુન ખડગે, ગુલામનબી આઝાદ સહિત ૫૦થી વધુ રાષ્ટ્રીય નેતાઓ હાજરી આપશે. શાહીબાગ અને અડાલજ ત્રિમંદિર ખાતેના બંને સ્થળો અને તેને જોડતા માર્ગો પર કોંગ્રેસના બેનરો, ધજા-પતાકા અને રાહુલ,પ્રિયંકા તેમ જ સોનિયા ગાંધીના ફોટાવાળા પોસ્ટરો નગરજનોમાં ધ્યાનાકર્ષક બની રહ્યા છે.

## આજે હાર્દિક પટેલ રાહુલની હાજરીમાં કોંગ્રેસમાં જોડાશે

અમદાવાદ,તા. ૧૧

પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)ના કન્વીનર હાર્દિક પટેલ આવતીકાલે તા.૧૨મી માર્ચે કોંગ્રેસ પક્ષમાં જોડાઈ વિધિવત્ રીતે સક્રિય રાજકારણમાં પ્રવેશ કરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, મહાસચિવ પ્રિયંકા ગાંધી, સોનિયા ગાંધી સહિતના મહાનુભાવોની હાજરીમાં હાર્દિક પટેલ



કોંગ્રેસમાં વિધિવત્ રીતે જોડાઈ જવાનો છે ત્યારે પાટીદારોમાં પણ મિશ્ર પ્રત્યાઘાત જોવા મળી રહ્યા છે. બીજીબાજુ, હાર્દિક પટેલે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. સોશિયલ મીડિયામાં ફરતી ખબર પ્રમાણે ક્યાસ લગાવવામાં આવી રહ્યા છે કે હાર્દિક પટેલ અમરેલી કે જામનગરમાંથી ચૂંટણી લડશે. કોંગ્રેસની જાહેરાત પહેલા જ સોશિયલ મીડિયામાં હાર્દિક પટેલે જાહેરાત કરી દેતા કોંગ્રેસનાં નેતાઓમાં પણ આંતરિક ડખો અને ગજગ્રાહની પરિસ્થિતિ વણસી છે, જેના કારણે ગુજરાતના સ્થાનિક નેતાઓએ નારાજગી દૂર કરવા બેઠકોનો દોર યોજયો હતો.

# આરએસએસ ૧૦૦ ટકા મતદાન માટે પ્રતિબદ્ધ

**સંઘના કાર્યકરો મતદારોના ઘરે ઘરે જઇને મતદાન માટે કહેશે : દેશમાં લોકસભા ચૂંટણી માટે રણશિંગુ ફુંકાયા બાદ સંઘની બેઠક પણ યોજાઈ ૧૦૦ ટકા મતદાનની ખાતરી કરવા જોરદાર અભિયાન ચલાવવા માટે નિર્ણય**

ભોપાલ,તા. ૧૧

દેશમાં સામાન્ય ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી દેવામાં આવી છે ત્યારે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના કાર્યકરો પણ ચૂંટણી મુડમાં આવી ગયા છે. સંઘના લોકો અને કાર્યકરો દેશમાં ૧૦૦ ટકા મતદાનની ખાતરી કરવા માટે લોકોના ઘરે ઘરે જવા માટેની તૈયારી કરી ચુક્યા છે. તેના કાર્યકરો આના માટે અભિયાન ચલાવનાર છે. સંઘ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે રામ મંદિર બનીને રહેશે. સાથે સાથે મંદિર પણ એ જ જગ્યા બનશે જ્યાં તેના નિર્માણ માટે ફેંસલો કરવામાં આવ્યો છે. ચૂંટણીમાં સંઘની ભૂમિકા અંગે સંઘના કાર્યવાહક જનરલ સેક્રેટરી ભૈય્યાજી જોશીએ કહ્યુ છે કે સંઘની ભૂમિકા બિલકુલ સ્પષ્ટ છે. અમે ૧૦૦ ટકા મતદાનની ખાતરી કરવા માટે ખાસ અભિયાન ચલાવવા માટેની તૈયારીમાં છીએ. અમારા સમાજે સમયની સાથે સાથે વધારે સ્પષ્ટ રીતે વિચારવાની શરૂઆત કરી છે. દેશના લોકો સારી રીતે જાણી રહ્યા છે કે દેશના હિતમાં કોણ લોકો કામ કરી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે સંઘનુ માનવુ છે કે જે લોકો સત્તામાં છે તે રામ મંદિર નિર્માણની વિરોધમાં નથી. તેમની કટિબદ્ધતાને લઈને કોઈ શંકા કરી શકે તેમ નથી. માનવામાં આવે છે કે વિધાનસભાની ચૂંટણી દરમિયાન સંઘના પ્રયાસના કારણે જ ભાજપને બહુમતિની નજીક પહોંચી જવામાં સફળતા મળી હતી. સંઘના લોકો ઘરે ઘરે જઈને મત આપવા માટે અપીલ કરી રહ્યા છે. અમારા લોકો નાના ગ્રુપમાં જઈને પ્રચાર કરનાર છે. જાણકાર લોકો કહે છે કે સંઘ અને અન્ય હિન્દુ સંસ્થાઓ ભાજપ માટે પ્રચાર કરવા માટે તૈયારીમાં છે. સંઘના લોકો તથા અન્ય હિન્દુ સંગઠનના કાર્યકરો ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થતાંની સાથે જ સક્રિય થઈ ગયા છે.

# વધુ એક ધારાસભ્ય વલ્લભ ધારવીયા ભાજપમાં જોડાયા

**કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ જીતુ વાઘાણી સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ભાજપનો કેસરિયો ધારણ કર્યો**

અમદાવાદ, તા.૧૧

લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત કોંગ્રેસના રાજકારણમાં વધુ એક વખત ભુકંપ સર્જાયો છે. કોંગ્રેસમાં એક પછી એક ધારાસભ્યો પક્ષ છોડી રહ્યા છે અને ભાજપમાં જોડાઈ રહ્યા છે, જેને લઈ કોંગ્રેસના કાંગરા કરતાં પક્ષના સ્થાનિક નેતાઓથી લઈ હાઈકમાન્ડ સુધીના નેતાઓ ચિંતાતુર બન્યા છે. છેલ્લા પંદર દિવસમાં કોંગ્રેસના આ ૪થા ધારાસભ્યનું રાજીનામુ પડયું હતું. કોંગ્રેસમાંથી રાજીનામું આપી વલ્લભ ધારવીયા ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી સહિતના આગેવાનોની



હાજરીમાં ભાજપનો કેસરિયો ધારણ કર્યો હતો. ધારવીયાએ કોંગ્રેસમાં પ્રદેશ સ્તરે ભારે ખેંચતાણ અને કાપાકાપી ચાલી રહી હોવા સહિતના ગંભીર આરોપ પણ લગાવ્યા હતા. ભાજપમાં જોડાયા બાદ વલ્લભભાઈએ જણાવ્યું કે, મને સત્તાની લાલચ નથી અને આગામી ચૂંટણી લડવાનો નથી. તેમણે કહ્યું, ભાજપની સંગઠન શક્તિ છે તે કોંગ્રેસમાં જોવા મળતી નથી. કોંગ્રેસ પાસે કોઈ વિઝન નથી. મેં અમિત શાહ અને નરેન્દ્ર મોદીના હાથ નીચે પણ કામ કર્યું હતું. કોંગ્રેસમાં ગયા બાદ જ મને ખબર પડી કે પાર્ટીમાં કંઈ નથી. મારો જન્મ જ ભાજપમાં થયો એમ કહેવાય. એટલે હું ઘરે પરત ફર્યો છું. મારું ગોત્ર ભાજપ જ છે. જામનગર ગ્રામ્યના કોંગ્રેસના ધારાસભ્ય વલ્લભ ધારવીયાએ આજે બપોરે રાજીનામું આપી દેતા જામનગરના સ્થાનિક રાજકારણમાં વધુ એક વખત રકાસ આવ્યો છે.

# પુલવામા હુમલાના માસ્ટર માઈન્ડ મુદસ્સિર ખાન ઠાર

**બાતમી મળ્યા બાદ ત્રાલમાં મોટુ ઓપરેશન પાર પાડવામાં આવ્યું : પુલવામા જિલ્લાના ત્રાલમાં ભીષણ એન્કાઉન્ટરમાં કુલ ત્રણ આતંકવાદીઓ ઠાર મરાયા : મોટી માત્રામાં વિસ્ફોટકો કબજે : સુરક્ષા દળોને મોટી સફળતા**

શ્રીનગર,તા. ૧૧

૧૪મી ફેબ્રુઆરીના દિવસે જમ્મુ કાશ્મીરના પુલવામામાં કરવામાં આવેલા ત્રાસવાદી હુમલામાં



માસ્ટરમાઈન્ડ તરીકે રહેલા વધુ એક સુત્રધાર મુદસ્સિર અહેમદ ખાનને આજે સવારે ઠાર કરી દેવામાં આવ્યો હતો. ઠાર કરી દેવાયેલા ત્રાસવાદી પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક કબજે કરવામાં આવ્યા હતા. આજે સવારે થયેલી અથડામણમાંકુલ ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી છથે. માનવામાં આવે છે કે ફુંકાઈ ગયેલા ત્રાસવાદીઓમાં મુદસિર અહેમદ ખાન ઉર્ફે મોહમ્મદ ભાઈ પણ ઠાર થયો છે. સોમવારે વહેલી પરોઢે ત્રાલના પિંગલિશ વિસ્તારમાં એનકાઉન્ટર દરમિયાન જેશના ત્રાસવાદી મુદસ્સિર ઠાર કરાયો છે.

અધિકારીઓના કહેવા મુજબ ઠાર કરી દેવામાં આવેલા ત્રાસવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળાના જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યા બાદ તપાસ ચાલી રહી છે. સુરક્ષા દળો હાલમાં હાલમાં ભારે એલર્ટ છે. બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ જોરદાર ઓપરેશન હાથ ધર્યુ હતુ. સર્ચ દરમિયાન છુપાયેલા ત્રાસવાદીઓ દ્વારા અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. જવાબમાં કાર્યવાહી કરવામાં આવતા ત્રણ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. પુલવામાં નિવાસી ૨૩ વર્ષીય મુદસ્સિર એક ઈલેક્ટ્રિશિયન હતો. પુલવામાં હુમલામાં ઉપયોગ કરવામાં આવેલી ગાડી અને વિસ્ફોટકની વ્યવસ્થા આ ખતરનાક શખ્સ દ્વારા કરવામાં આવી હતી. માસ્ટરમાઈન્ડ મુદસ્સિર અહેમદ ખાન જૈશે મોહમ્મદના કમાન્ડર તરીકે ભૂમિકા અદા કરી રહ્યો હતો. જૈશના કમાન્ડરને ઠાર કરવામાં આવ્યા બાદ સુરક્ષા દળો હજુ તપાસ કરી રહ્યા છે.

# ઉનાળાના આરંભે રાજ્યના ૬૫ ટકા જળાશયો ખાલી છે

**રાજ્યના ૨૦૩ જળાશયોમાં ૩૨ ટકા જેટલું પાણી : ગુજરાતની જીવાદોરી સમી નર્મદાના સરદાર સરોવરમાં ૪૫.૫૧ ટકા સ્તર : પાણીની અછતના અત્યારથી એંધાણ**

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં હજુ ઉનાળો શરૂ જ થયો નથી ત્યાં જળસંકટ ઘેરું બનવાનાં અને ભરઉનાળે પાણીની તંગી સર્જાય તેવા સ્પષ્ટ એંધાણ અત્યારથી જ વર્તાઈ રહ્યા છે. ઉનાળાની શરૂઆતમાં જ પાણીની તંગીની સ્થિતિને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે તો, લોકસભા ચૂંટણી પણ નજીક હોઈ પાણી મુદ્દે સરકારની પણ મુશ્કેલી આગામી દિવસોમાં વધી શકે તેમ છે. નર્મદા નિગમ અને કલ્પસર વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા રિપોર્ટમાં રાજયના જળાશયોની સ્થિતિના ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. જેમાં રાજયના ૬૫ જળાશયો તળિયાઝાટક અને ૨૦૩ જળાશયોમાં અંદાજે ૩૨ ટકા જેટલું પાણી રહ્યું છે. રાજ્યની પાણી સંગ્રહ ક્ષમતામાંથી ઉપયોગ કરી શકાય તેવું માત્ર ૨૬.૮૨ ટકા પાણી બચ્યું છે. હાલની સ્થિતિમાં ગુજરાતના તમામ જળાશયોની કુલ પાણી સંગ્રહની ક્ષમતા કરતાં તેમાં માત્ર ૩૧.૯૨ ટકા પાણી છે જે ૫૦૩૦ મિલિયન ક્યુબિક મીટર પાણીનો જથ્થો છે અને એમાં પણ ઉપયોગમાં લઈ શકાય તેવો માત્ર ૨૬.૮૨ ટકા પાણીનો જથ્થો છે, જે ૩૯૦૧ મિલિયન ક્યુબિક મીટર છે. ગુજરાતના ૧૭ મોટા જળાશયોમાં પૈકી માત્ર ૪ જળાશયોમાં જ ૭૦ ટકા કરતાં વધુ પાણીનો જથ્થો છે અન્ય ૧૩માં ૧૦થી ૩૦ ટકા જેટલું જ પાણી બચ્યું છે. પાણીની અછતને લઈ અત્યારથી જ ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

## હું ભાજપમાં જ છું અને ભાજપમાં જ રહીશ : કનુભાઈ

સાણંદ,તા.૧૧

બીજી તરફ એવી પણ ચર્ચા ચાલી હતી કે સાણંદના ધારાસભ્ય કનુભાઈ પટેલ રૂપાણી સરકારે તેમની માંગણી ન સ્વીકારતા રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ જવાની ચીમકી ઉચ્ચારી છે. જોકે, આ અંગે ખુલાસો કરતા કનુભાઈ પટેલે કહ્યુ હતું કે, મારા વિરોધીઓ મારા નામે દુષ્પ્રચાર કરે છે. હું ભાજપમાં જ હતો અને ભાજપમાં જ રહીશું. પક્ષ છોડવાની વાત બિલકુલ ખોટી છે.

# જનરલ ક્વોટાની અરજી પર ૨૮મીએ સુનાવણી

નવી દિલ્હી, તા. ૧૧

સુપ્રીમ કોર્ટે આજે કહ્યું હતું કે, તે સામાન્ય વર્ગના ગરીબ લોકોને ૧૦ ટકા અનામત આપવાના મામલાને હાલમાં બંધારણીય બેંચને મોકલવાના આદેશ આપવાની તરફેણમાં નથી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં એક બેંચે કહ્યું હતું કે, તે ૨૮મી માર્ચના દિવસે અરજી પર સુનાવણી હાથ ધરશે. બંધારણીય બેંચને મોકલવામાં આવે કે ન મોકલવામાં આવે તે અંગે વિચારણા કરવામાં આવશે. આ પીઠમાં ન્યાયમૂર્તિ દિપક ગુપ્તા અને ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના પણ સામેલ હતા.

પીઠે અરજીકારો તરફથી રજૂ થયેલા વકીલ રાજીવ ધવને પોતાની અરજીમાં કહ્યું હતું કે, કેટલાક મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. મુદ્દાઓને એક નાનકડી નોંધમાં સામેલ કરવા કહેવામાં આવ્યું છે. આર્થિકરીતે નબળા વર્ગના લોકોને નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૦ ટકા અનામતના મોદી સરકારના નિર્ણયની સામે સુપ્રીમ કોર્ટમાં જનહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. આર્થિકરીતે નબળા સામાન્ય વર્ગના લોકોને સરકારી નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાના બંધારણીય સુધારા બિલને સંસદીય મંજુરી મળી ચુકી હતી.

## યુવા કલાકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલાગુરુઓને ‘સંસ્કાર વિભૂષણ સન્માન’ આપી સન્માનિત કરવામાં આવે છે. આત્મીય યુનિવર્સિટી રાજકોટ ખાતે યોજાએલા આ કાર્યક્રમમાં ગુજરાતના ૧૨ જેટલા સ્વનામધન્ય કલા- સાધકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાચીન ગરબાના સંરક્ષણ અને સંવર્ધન માટે ભાવિન પટેલે કરેલા પ્રયાસોની નોંધ લઈ નૃત્ય વિદ્યા માટે શ્રી ભાવિન પટેલને સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્કાર વિભૂષણ સન્માન કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નીતિનભાઈ પેથાણી, સંસ્કાર ભારતીના અધ્યક્ષ ડૉ. રાજુજી પરમાર, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સેવા પ્રમુખ નરેન્દ્રભાઈ દવે, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને સંસ્કાર ભારતીના સંયોજક ડૉ. જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ભાવિન પટેલ દ્વારા પ્રાચીન ગરબાની રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાના મહાનુભાવો સમક્ષ પ્રસ્તુતિ કરવામાં આવી છે. તેમજ શાળા અને કોલેજના અનેક વિદ્યાર્થીઓને પ્રાચીન ગરબા શીખવવાનું કાર્ય ભાવિન પટેલે સમર્પિત ભાવથી કર્યું છે, તે બદલ આ પુરસ્કાર તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. શહીદ વંદના વિષય ઉપર નૃત્ય, નાટ્ય, રંગોળી, કવિતા વગેરેની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ